# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં. ૯૧ તા.૦૭-૦૨-૨૦૨૫

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષય:- ‘પરીક્ષા પે ચર્ચા-૨૦૨૫’ કાર્યક્રમનું પ્રસારણ નિહાળવા બાબત.

સંદર્ભ :- ક્રમાંક : મઉમશબ/સંશોધન/૨૦૨૫/૫૬૩-૬૫૨ તા.૦૭-૦૨-૨૦૨૫

આથી તમામ મ્યુનિ. શાળાઓના મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, માન.વડાપ્રધાનશ્રી ‘પરીક્ષા પે ચર્ચા-૨૦૨૫’ કાર્યક્રમ અંતર્ગત તા.૧૦-૦૨-૨૦૨૫ના રોજ સવારે ૧૧-૦૦ કલાકે નવી દિલ્હીથી વિદ્યાર્થીઓ સાથે સંવાદ કરશે.માન. પ્રધાનમંત્રીશ્રીના ‘પરીક્ષા પે ચર્ચા-૨૦૨૫’ કાર્યક્રમનું જીવંત પ્રસારણ દૂરદર્શન દ્વારા **DD National, DD News** અને **DD India** ચેનલો પર પ્રસારિત કરવામાં આવશે. આ કાર્યક્રમનું જીવંત પ્રસારણ (આકાશવાણી) રેડીયો ચેનલ પર તથા **(All India Radio Medium Wave, All India Radio FM channel)** પર તથા **PMO** ની વેબસાઈટ પર, **MoE, DoorDarshan, MyGov.in** ની વેબસાઈટ પર **MoE** ની **You Tube channel** પર , **Facebook Live** અને **MOE** ની **Swayamprabha/ Diksha channel** ફેસબુક લાઈવ અને પર લાઈવ વેબસ્ટ્રીમીંગ કરવામાં આવશે. સદર પરીક્ષા પે ચર્ચા-૨૦૨૫ની ૮ મી આવૃત્તિનું જીવંત પ્રસારણ તા.૧૦-૦૨-૨૦૨૫ના રોજ સવારે ૧૧-૦૦ કલાકે યુ-ટ્યુબ લીંક **https://www.youtube.com/watch?v=G5UhdwmEEls** પરથી કરવામાં આવશે.

ધો.૬ થી ૮ ધરાવતી તમામ મ્યુનિ. શાળાના ધો.૬ થી ૮ ના તમામ વિદ્યાર્થીઓ પરીક્ષા પે ચર્ચા-૨૦૨૫ કાર્યક્રમનું જીવંત પ્રસારણ નિહાળે તે બાબત ઝોનના મદદનીશ શાસનાધિકારીએ સુનિશ્ચિત કરવાનું રહેશે તથા કાર્યક્રમ પૂર્ણ થયા બાદ બાળકો કાર્યક્રમ નિહાળતા હોય તેવા ફોટોગ્રાફ્સ **MyGov.in** પોર્ટલ પર અપલોડ કરવાના રહેશે.

તમામ શાળાઓએ તા.૦૮-૦૨-૨૦૨૫ના રોજ કાર્યક્રમ નિહાળવાની પૂર્વ તૈયારીના ભાગરૂપે શાળામાં જરૂરી વ્યવસ્થાની પૂર્વ ચકાસણી કરી તમામ બાળકો આ કાર્યક્રમ નિહાળે તે સુનિશ્ચિત કરવાનું રહેશે.

બપોરપાળીની ધો.૬ થી ૮ ની શાળાના બાળકો પરીક્ષા પે ચર્ચા -૨૦૨૫ કાર્યક્રમનું જીવંત પ્રસારણ નિહાળે તે માટે ધો.૬ થી ૮ ની શાળાના બાળકોને સવારે બોલાવી કાર્યક્રમનું જીવંત પ્રસારણ બતાવવાનું રહેશે. તા.૧૦-૦૨-૨૦૨૫ના દિવસ પુરતુ શાળાઓના સમય બાબતે ઝોનના મદદનીશ શાસનાધિકારીએ સ્થાનિક પરિસ્થિતિને અનુરૂપ શાળા સમયમાં ફેરફાર કરી ધો.૬ થી ૮ ના તમામ બાળકો કાર્યક્રમ નિહાળી શકે તે પ્રમાણેની વ્યવસ્થા સુનિશ્ચિત કરવાની રહેશે.

ગુગલ લીંક :

**https://docs.google.com/spreadsheets/d/1kmgYtRRrda1_KqjdmyP2zQlkoMTPUromyhZyu2ilMe8/edit?usp=sharing**

તા.૦૭-૦૨-૨૦૨૫

ડૉ. એલ. ડી. દેસાઈ

શાસનાધિકારી